# કોરોનાના વધતા સંક્રમણ વચ્ચે ઠંડીનુ આક્રમણ : પારો ૫ ડીગ્રી ગગડ્યો

**આગામી ત્રણ દિવસ કોલ્ડવેવનુ જોર વધશે : દિવસનુ તાપમાન પણ ૫ ડીગ્રી ઘટ્યુ : વાતાવરણ પલ્ટા બાદ મોસમનો મિજાજ ફરી એકવાર પલ્ટાયો : કોરોના અને કોલ્ડવેવના પ્રકોપથી જનજીવન પ્રભાવિત**



ગાંધીનગર તા ૨૩

ગાંધીનગરમાં બે દિવસ અગાઉ સર્જાયેલા વાતાવરણ પલ્ટાના અંતે શિયાળો વધુ આકારો બન્યો છે. એક જ રાતમાં ઠંડીનો પારો ૫ ડીગ્રી ઉંચકાયો છે. અલબત્ત ઠંડીનુ જોર વધ્યુ છે. આજે લઘુત્તમ તાપમાન ૧૨. ૫ ડીગ્રી રહ્યુ હતુ. જયારે દિવસનુ તાપમાન પણ ૫ ડીગ્રી નીચે સરકતા દિવસે પણ હવે હળવી ઠંડીનો અહેસાસ નગરજનો કરી રહ્યા છે. સવારથી જ સુસવાટા મારતા પવનનુ જોર પણ વધુ રહ્યુ હતુ. પ્રતિકલાક ૨૫ થી ૩૦ કી મી ની ઝડપે પવન ફુંકાયો હતો. ઉત્તર ભારતમાં હીમવર્ષની સાથે દેશના વિવિધ ભાગોમાં બર્ફિલા પવન સાથે ઠંડીનુ જોર વધ્યુ છે. શહેરમા હજુ આગામી ત્રણ દિવસ ઠંડી વધશે. કોરોનાના સંક્રમણ વચ્ચે ઠંડીનુ આક્રમણ થતા નગરનુ જનજીવન વધુ પ્રભાવિત થયુ છે.

ગાંધીનગરમાં શિયાળાની મોસમનો મિજાજ આ વર્ષે સતત બદલાતો જોવા મળે છે. ગત મહીના દરમિયાન મોસમની રેકર્ડ બ્રેક ઠંડી નોંધાઈ હતી. ઠંડીનો પારો ૬.૫ ડીગ્રીએ પહોંચી જતા છેલ્લા એક દાયકાની સૌથી વધુ ઠંડી નગરજનોએ અનુભવી હતી. જયારે ઠંડીના દિવસો દરમિયાન સતત વાતાવરણ પલ્ટો પણ જોવા મળી રહ્યો છે. જેના લીધે ઠંડીના પારાની ચઢઉતર વચ્ચે મોસમનો મિજાજ ગમે ત્યારે બદલાય છે. ભર શિયાળે અષાઢી નઝારો આંખ સામે આવતા નગરજનો પણ વિચિત્ર મોસમનો અહેસાસ કરી રહ્યા છે. એકબાજુ કોરોનાના વધતા સંક્રમણ વચ્ચે ઠંડી પણ જોરમાં આવતા શહેરીજનોના આરોગ્ય પર વિપરિત અસર જોવા મળી રહી છે. છેલ્લા એક સપ્તાહથી ઠંડીમાં રાહત હતી જયારે આજે અચાનક જ ઠંડીનુ પ્રમાણ વધ્યુ છે. ગઈકાલની સાપેક્ષમાં ઠંડીનો પારો ૫ ડીગ્રી ઉંચકાયો છે. બે દિવસ અગાઉ પણ અચાનક જ વાતાવરણ પલ્ટા વચ્ચે વરસાદી છાંટણા વરસ્યા હતા જેના લીધે ગમે ત્યારે ઠંડી પણ વધશે તેનો અણસાર આવી ગયો હતો જો કે બે દિવસ ઠંડીમાં રાહત અનુભવતા નગરજનોએ હવે ફરી એકવાર આકરા કોલ્ડવેવ માટે તૈયાર રહેવુ પડશે ગઈકાલે લઘુત્તમ તાપમાન ૧૭.૫ ડીગ્રી રહ્યુ હતુ. જયારે આજે ઠંડીનો પારો સીધો ૫ ડીગ્રી આગળ વધતા સવારથી જ ઠંડીની અસર પ્રબળ બની હતી. એટલુ જ નહી પરંતુ લઘુત્તમ તાપમાનની સાથે મહત્તમ તાપમાનમાં પણ નોંધપાત્ર ફેરફાર જોવા મળ્યો છે. મહત્તમ તાપમાન પણ ૫ ડીગ્રી ઘટ્યુ હતુ. દિવસનુ તાપમાન ગઈકાલે ૨૭.૫ ડીગ્રી રહ્યુ હતુ જયારે આજે જે ઘટીને ૨૨.૮ ડીગ્રીએ આવી ગયુ હતુ. દિવસનુ તાપમાન પણ ઠંડીના પારાની જેમ પ્રભાવિત થયુ છે. જેના લીધે દિવસ દરમિયાન પણ ગુલાબી ઠંડીનો અહેસાસ નગરજનોએ કર્યો હતો. ઉત્તર ગુજરાતમાં

અનુસંધાન પાના.૭

# શહેરમાં સતત બીજે દિવસે કેસો ઘટ્યા : ૩૯૮ નવા કેસ

**સે. ૨૯ માં એક સાડા છ મહિનાની આયુ ધરાવતી દિકરી સંક્રમિત : શહેરના સેક્ટરોમાં સે. ૨ માં ૧૮, સે. ૩ માં ૨૪, સે. ૫ માં ૧૧, સે. ૭ માં ૧૬, સે. ૨૨ માં ૧૨, સે. ૨૬ માં ૧૧, સે. ૨૮ માં ૧૨, સે. ૨૯ માં ૧૮, સે. ૩૦માં ૧૨ કેસ : શહેરના ગ્રામ્ય વિસ્તારમાં કુડાસણમાં ૩૪, રાયસણમાં ૧૦, પેથાપુરમાં ૪૧, ઝુંડાલમાં ૧૦, વાવોલમાં ૨૨ કેસ નોંધાયા**

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર શહેરમાં કોરોનાની આજે સતત બીજે દિવસે ગતિ ધીમી પડી છે. શહેરમાં આજે વધુ ૩૯૮ કેસ નોંધાયા છે. છેલ્લા બે દિવસથી કોરોનાના કેસો ઘટતાં રિકવરી રેટ પણ સુધર્યો છે.

શહેરમાં આજે નોંધાયેલા કેસો સાથે ૪૭૦૦ના આંકને પાર કરી ગયો છે. શહેરમાં આજે નોંધાયેલા કેસમાંથી એક જ દર્દીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. શહેરમાં કેસો થોડાક નિયંત્રણમાં જરૂર આવ્યા છે પણ શહેરમાં લગ્નસરાની મોસમ જે રીતે ખીલી છે એટલે હજુ તંત્રને સતત કેસો વધવાનો ભય સતાવી રહ્યો છે.

શહેરમાં આજે નોંધાયેલા કેસોમાં ૬૭ મહિલા દર્દી અને ૩૫ દર્દી ૬૦ વર્ષ કે તેથી વધુ વયના નોંધાયા છે. શહેરમાં ૧૧ થી ૧૮ વર્ષની વયના દર્દીઓની સંખ્યા વધી રહી હોવાથી તંત્રની ચિંતા વધી છે. શહેરમાં પરિવારના પરિવાર અને દંપત્તિઓ વધુ સંક્રમિત થઈ રહ્યા હોવાથી પણ તંત્ર ચિંતીત છે.

શહેરમાં મોટાભાગના દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો હોવાથી તંત્રએ હોમ આઈસોલેશન તેમજ ક્વોરોન્ટાઈનના નિયમોની અમલવારી અસરકારક રીતે થાય તે માટેની સૂચનાઓ જારી કરી છે.

શહેરમાં આજે નોંધાયેલા કેસોમાં સે. ૨૯માં એક સાડા છ મહિનાની આયુ ધરાવતી દિકરી સંક્રમિત થઈ હોવાથી તંત્ર ચિંતાતુર બન્યુ છે. આ ઉપરાંત ઝુંડાલમાં ૫ વર્ષનો દિકરો, પેથાપુરમાં ૧૦ વર્ષનો દિકરો, સે. ૨૮ માં ૯ વર્ષનો દિકરો, વાવોલમાં ૪ વર્ષનો દિકરો, સે. ૨૧માં ૯ વર્ષનો દિકરો, સે. ૨૮ માં ૯ વર્ષની દિકરી, સે. ૨૮માં ૫ વર્ષનો દિકરો, પેથાપુરમાં ૧૦ વર્ષનો દિકરો, સે. ૨૨ માં ૮ વર્ષનો દિકરો અને કુડાસણમાં બે વર્ષની દિકરી પણ સંક્રમિતોની યાદીમાં છે.

શહેરમાં બાળ દર્દીઓ જે ૧૦ થી ઓછી આયુ ધરાવે છે તેની સંખ્યા વધતાં તંત્ર ચિંતાતુર છે. શહેરમાં સંક્રણની ગતિ થોડીક ધીમી પડી છે અને રિકવરી રેટ સુધરતાં તંત્રને થોડીક રાહત જરૂર છે.

શહેરમાં આજે નોંધાયેલા કેસોમાં શહેરના ગ્રામ્ય વિસ્તારોમાં કુડાસણમાં ૩૪, રાયસણમાં ૧૦, પેથાપુરમાં ૪૧, ઝુંડાલમાં ૧૦, રાંદેસણમાં ૫, રાંધેજામાં ૮, સુઘડમાં ૮, વાવોલમાં ૨૨, ભાટમાં ૩, પાલજમાં ૪, કોલવડામાં ૨, ઈન્ફોસીટીમાં ૪ કેસ તેમજ કોબા, ખોરજમાંથી પણ કેસો મળી આવ્યા છે.

શહેરના સેક્ટરોમાં સે. ૨ માં ૧૮, સે. ૩ માં ૨૪, સે. ૫ માં ૧૧, સે. ૭ માં ૧૬, સે. ૨૨ માં ૧૨, સે. ૨૬ માં ૧૧, સે. ૨૮ માં ૧૨, સે. ૨૯ માં ૧૮, સે. ૩૦ માં ૧૨ કેસ નોંધાયા છે.

આ ઉપરાંત સે. ૪ માં ૯, સે. ૬ માં ૭, સે. ૧૩ માં ૪, સે. ૮ માં ૭, સે. ૧૨ માં ૮, સે. ૧૯ માં ૫, સે. ૨૧ માં ૪, સે. ૨૪ માં ૫, સે. ૨૩ માં ૬, સે. ૨૫ માં ૭, સે. ૨૭ માં ૫ કેસ નોંધાયા છે.

શહેરમાં આજે ૨૦૩ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેરમાં રિકવરી રેટ ઝડપથી સુધારા તરફ આગળ વધી રહ્યો હોવાનો તંત્રએ દાવો કર્યો છે. ૪ દિવસમાં ૭૫૦ જેટલા દર્દીઓ રિકવર થયા છે.

શહેરમાં આજે નોંધાયેલા કેસ સાથે એક્ટીવ કેસોની સંખ્યા ૨૫૦૦થી વધુ છે અને તે પૈકી મોટા ભાગના દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ છે.

તંત્રએ કોરોના ગાઈડલાઈન્સના ચુસ્ત અમલીકરણની સાથે ફરજીયાત માસ્ક અને સોશ્યલ ડિસ્ટન્સીંગ જળવાઈ રહે તે માટેની કડક સુચનાઓ આપી છે.

# દહેગામ-ગાંધીનગર હાઈવે પર મગોડી ગામ નજીક સ્વિફ્ટ કારની રોડ પરથી દિવેલાના ખેતરમાં છલાંગ

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર દહેગામ હાઈવે પર આવેલા મગોડી ગામ પાસે આજે એક મારૂતી સ્વિફ્ટ કાર એકાએક રોડ ઉપરથી દિવેલાના ખેતરમાં પહોંચી ગઈ હતી. મગોડી પાસે આવેલા એસ્સાર પેટ્રોલ પંપ નજીક પસાર થઈ રહેલી સ્વિફ્ટ કારના ચાલકે સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવતા કાર દિવેલાના ખેતરમાં પહોંચી ગઈ હતી. આ સ્વીફ્ટ કારમાં ચાર વ્યક્તિ સવાર હતા. જેમાં ચાલકે મગોડી પાસેના એસ્સાર પેટ્રોલ પંપ નજીક સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવતાં સ્વીફ્ટ કાર ચારથી પાંચ પલ્ટી ખાઈ દિવેલાના ખેતરમાં જઈ ચડી હતી. કારમાં સવાર તમામ વ્યક્તિના ચમત્કારિક બચાવ થયો હતો. ચાર વ્યક્તિ પૈકી એક વ્યક્તિને સામાન્ય ઈજા થઈ હતી.



# બાસણ-શાહપુરના ૭ કિ.મી. માર્ગના રિસરફેસીંગ માટે રૂ. ૧૩ કરોડ મંજૂર કરાયા

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર શહેરને અડીને આવેલ એન.એચ.૧૪૭ થી પાલજ-બાસણ-શાહપુર રોડના રિસરફેસીંગ કરવાના કામને રાજ્ય સરકારે સૈદ્ધાંતિક મંજૂરી આપી આગળની કાર્યવાહી માટે કાર્યપાલક ઈજનેરને કરવા સૂચનાઓ આપી છે. ૭ કિ.મી.ની લંબાઈ ધરાવતા આ માર્ગના રિસરફેસીંગ કામ માટે રૂ. ૧૩ કરોડની રકમ મંજૂર કરવામાં આવી છે. ગાંધીનગર(દ)ના ધારાસભ્ય શંભુજી ઠાકોરે સરકારના આ નિર્ણયને આવકારી જણાવ્યુ છે કે જિલ્લામાં માર્ગોના સુદ્રઢીકરણ અને મજબુતીકરણની સાથે વાહન-વ્યવહારની સુવિધા વધશે. આંતર માળખાકીય સેવાઓ સુધરતાં જ વાહન-વ્યવહાર ઝડપી બનશે.

આ માર્ગના રિસરફેસીંગને કારણે ગિફ્ટ સીટી વિસ્તારની સાથે સંકળાયેલા ગ્રામ્ય વિસ્તારના વિકાસને પણ વેગ મળશે. તેમણે સરકારે આપેલી સૈદ્ધાંતિક મંજૂરી માટે સરકાર પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરી જિલ્લાના વિકાસને સંતુલિત કરવાના પ્રયાસને બિરદાવ્યો છે.

# જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૨૦૩ નવા કેસ

**દહેગામમાં ૮ કેસ, ગાંધીનગરમાં ૫૬ કેસ, કલોલમાં ૧૦૦ કેસ, માણસામાં ૩૯ કેસ : ૮૩ મહિલા, ૧૪ ખેડૂત, સાત શ્રમિકો તેમજ હાજીપુરમાં ૧૬ વિદ્યાર્થી સંક્રમિત થયા**

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાના આજે ૨૦૩ કેસ નોંધાયા છે. આ સાથે જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં નોંધાયેલા કેસોની સંખ્યા બે હજારના આંકને પાર કરી ગઈ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાના કેસોની સતત વધ-ઘટ થતી હોવાથી તંત્રની ચિંતા વધી છે. ગ્રામ્ય વિસ્તારમાં ગાંધીનગર, કલોલ અને માણસામાં સંક્રમણ વધ્યુ છે. ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા કેસમાંથી ૩ દર્દીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા કેસોમાં દહેગામના ૮ કેસ, ગાંધીનગરમાં ૫૬, કલોલમાં ૧૦૦, માણસામાં ૩૯ કેસનો સમાવેશ થાય છે. ગ્રામીણ વિસ્તારમાં કલોલ-માણસામાં સંક્રમણ વધતાં તંત્રની દોડધામ અને ચિંતા વધી જવા પામી છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા કેસોમાં ૮૩ મહિલા દર્દી, ૧૪ ખેડૂત, ૭ શ્રમિકો, દહેગામના વડવાસાના સરપંચ, શિક્ષક, એમ.પી.એચ. ડબલ્યુ., આયુષ તબીબ, તાલુકા વિકાસ અધિકારી, પેથોલોજીસ્ટ, સિવિલ ઈજનેર, હેલ્થકેર વર્કર ઉપરાંત ૬૦ વર્ષથી ઉપરના ૩૩ દર્દી, ૨૫ દર્દી ૧૧ થી ૨૦ વર્ષની વયના તેમજ ૩૯ વિદ્યાર્થી સંક્રમિત થયા છે. જેમાં હાજીપુરના ૧૬ વિદ્યાર્થીઓ સંક્રમિત થયા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૧૦ વર્ષથી નીચેના સાત બાળકો સંક્રમિત થયા છે. દહેગામ અર્બનમાં ૮ વર્ષની દિકરી, લેકાવાડામાં ૫ વર્ષનો દિકરો, લવારપુરમાં ૧૦ વર્ષનો દિકરો, ઉનાવામાં ૬ વર્ષનો દિકરો, ચરાડામાં ૩ વર્ષની દિકરી અને અડાલજમાં ૧૦ વર્ષનો દિકરો તેમજ રામપુરામાં ૪ વર્ષની દિકરી સંક્રમિત થતાં તેને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી છે.

જિલ્લાના દહેગામ તાલુકામાં આજે ૮ કેસ નોંધાયા છે. જેમાં દહેગામ અર્બનના ૩ કેસ, સાણોદામાં બે કેસ, વડવાસા, કડાદરા, લવાડમાં કેસો મળ્યા છે.

ગાંધીનગર તાલુકામાં ૫૬ કેસ નોંધાયા છે. જેમાં લેકાવાડામાં ૨, મોટા ચિલોડામાં ૩, છાલામાં ૨, લવારપુરમાં ૪, રૂપાલમાં ૫, ઉનાવામાં ૩, બી.એસ.એફ.માં ૨, ઈસનપુર મોટામાં ૧૨, અડાલજમાં ૩૧ ઉપરાંત શિહોલી, ગિયોડ, રામપુરા, ધણપ, રતનપુર, સોનીપુર, સાદરા, દંતાલી, મગોડીમાંથી કેસો મળી આવ્યા છે.

કલોલ તાલુકામાં સંક્રમણ જે ગતિએ વધી રહ્યુ છે તેને લઈ તંત્રની ચિંતા વધી છે. કલોલ શહેરમાં આજે વધુ ૩૨ કેસ નોંધાયા છે. આ ઉપરાંત કલોલના સેમી અર્બન બોરીસણામાં ૧૩ કેસ નોંધાયા છે.

અદાણી શાંતિગ્રામમાં ૪ કેસ, હાજીપુરમાં ૨૦ કેસ, નારદીપુરમાં ૩, ડીંગુચામાં ૪, કાંઠામાં ૩, પાનસરમાં ૪, રકનપુરમાં ૩, નાંદોલીમાં ૨, સઈજમાં ૨ ઉપરાંત ધાનજ, પલસાણા, ગોલથરા, ભાદોલ, પલોડિયા, નાસ્મેદમાંથી પણ કેસ મળી આવ્યા છે.

કલોલના હાજીપુરમાં આજે એક સાથે ૧૬ વિદ્યાર્થી સંક્રમિત થયાની વાતને લઈ તંત્રની ચિંતા વધી છે.

માણસા તાલુકામાં ચરાડામાં ૪ કેસ, માણસા અર્બનમાં ૧૫ કેસ, અંબોડમાં બે, ગલથરામાં ૨, અલુવામાં ૨, વેડામાં ૨ કેસ નોંધાયા છે.

આ ઉપરાંત ધમેડા, પડુસ્મા, ઈન્દ્રપુરા, ઈટાદરા, રિદ્રોલ, સાંતેજ, બાલવા, લીંબોદ્રા, શોભાસણ, ભીમપુરા, મકાખાડ, હિંમતપુરામાંથી કેસો મળી આવ્યા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૬૧ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવ્યુ છે. જિલ્લામાં રિકવરી રેટ થોડોક ધીમો પડ્યો છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા દર્દી સાથે ૧૧૦૦ થી વધુ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં દર્દીઓ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કરી રહ્યા હોવાથી તંત્રએ હોમ આઈસોલેશન તેમજ ક્વોરોન્ટાઈનના નિયમની અમલવારી અસરકારક રીતે થાય તે જોવા તાકીદ કરી છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ધન્વન્તરી રથનું ભ્રમણ સઘન કરવામાં આવ્યુ છે. જ્યારે સંજીવની રથ દ્વારા હોમ આઈસોલેશનમાં રહેલા દર્દીઓનું મોનીટરીંગ કરવામાં આવી રહ્યુ છે તેમ તંત્રના સૂત્રોએ કહ્યુ છે.

# સમાજ ઉત્કર્ષ માટે અત્યાર સુધી ન થયા હોય તેવા કામો કરવાની નેમ : પિનાકીન રાવલ

**સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજના પ્રમુખ તરીકે જાણીતા એડવોકેટ પિનાકીન રાવલ : યુવાવર્ગ માટે સ્પર્ધાત્મક શિક્ષણ સાથે રોજગારીની તકો ઉભી થાય અને લગ્નવિષયક સમસ્યાઓ પણ દુર થાય તે દિશામાં અસરકારક કામ કરીશુ : મહીલા પાંખના પ્રમુખ તરીકે ધારિણીબેન શુકલ, યુવાપાંખના પ્રમુખ તરીકે કશ્યપ જાની**



ગાંધીનગર તા ૨૩

સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજના પ્રમુખ તરીકે જાણીતા એડવોકેટ અને સમાજના અગ્રણી પિનાકીન રાવલની વરણી કરવામાં આવી છે. ગાંધીનગર બ્રહ્મસમાજના વિકાસ તેમજ ઉત્થાન માટે પણ તેમણે પ્રમુખપદ નિભાવી ઉમદા કામગીરી કરી છે. જયારે હવે રાજય કક્ષાના પ્રમુખ તરીકે પિનાકીન રાવલ સમાજ ઉત્કર્ષના કાર્યો કરવાની નેમ ધરાવે છે. તેમણે આ તબક્કે જણાંવ્યુ હતુ કે સમાજ માટે અત્યાર સુધી ન થયા હોય તેવા શ્રેષ્ઠ કામો કરવા છે. જેમાં સમાજના યુવક યુવતિઓની બેરોજગારી તેમજ લગ્નવિષયક સમસ્યાઓ દુર કરવાનુ કામ મુખ્ય છે. આ ઉપરાંત યુવાવર્ગને સ્પર્ધાત્મક શિક્ષણ પુરુ પાડવા માટે પણ યોગ્ય વ્યવસ્થા કરવામાં આવશે. સમાજની બેઠક દરમિયાન ઉપપ્રમુખ પદે જનક રાવલ તેમજ રાજેન્દ્ર રાવલ અને મહીલા પાંખના પ્રમુખ તરીકે ધારિણીબેન શુકલને જવાદારી સોપવામાં આવી છે.

બ્રહ્મસમાજ માટે અત્યાર સુધી ન થયા હોય તેવા ઉમદા કાર્યો કરવાની ખેવના વ્યકત કરતા સમસ્ત બ્રહ્મ સમાજ રાજય કક્ષાના નવા વરાયેલા પ્રમુખ પિનાકીન રાવલે આ અંગે જણાંવ્યુ હતુ કે બ્રહ્મસમાજના તમામ સભ્યોને ધ્યાનમાં રાખીને રચનાત્કમ કાર્યો કરવા છે. સમાજ ઉત્કર્ષના કાર્યો કરવાની પ્રબળ ખેવના પણ તેમણે વ્યકત કરી હતી આ તબક્કે તેમણે વધુમાં જણાંવ્યુ હતુ કે અત્યાર સુધી ન થયા હોય તેવા કામો કરવા છે. જેમાં સ્પર્ધાત્મક શિક્ષણ પુરુ પાડવાની પણ વ્યવસ્થા કરવી છે. આ ઉપરાંત સમાજના યુવક યુવતિઓને રોજગારી મળે તે દિશામાં પણ કામ કરવુ છે. જયારે સામાજિક દ્રષ્ટીકોણથી સમાજના યુવક યુવતિઓને લગ્નવિષયક ઉદભવતી સમસ્યાઓ પણ દુર થાય તે માટે પણ યોગ્ય દીશામાં કામ કરવાનુ આયોજન છે. બ્રહ્મસમાજ માટે કેન્દ્ર અને રાજય સરકાર દ્વારા અમલમાં મુકવામાં આવેલી વિવિધ યોજનાનો લાભ પણ સમાજના દરેક સભ્યોને ઘર ઘર સુધી મળી રહે તે માટે પણ અસરકારક કામ કરવાની ઈચ્છા તેમણે વ્યકત કરી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે પિનાકીન રાવલ છેલ્લા કેટલાક વર્ષોથી ગાંધીનગર બ્રહ્મસમાજના પ્રમુખ તરીકે પણ સેવા આપી રહ્યા છે. તેમના પ્રમુખપદના કાર્યકાળ દરમિયાન પણ તેમણે સમાજ માટે ઉમદા કામગીરી કરી છે જેમાં સમુહલગ્ન અને સમુહ યજ્ઞોપવિત સહીતના અનેકવિધ સેવાના તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમો થકી પણ સમાજને પ્રોત્સાહીત કરવાનુ કામ કર્યુ છે. આ ઉપરાંત વિદ્યાર્થીઓ માટે વિના મુલ્યે વર્ગો પણ શરૂ કર્યા હતા. ગુજરાત હાઈકોર્ટના જાણીતા વકીલ અને બ્રહ્મસમાજના અગ્રણી પિનાકીન રાવલે આગામી દિવસામાં સમાજના ઉત્થાન માટે વિશેષ કાર્યો હાથ ધરવાનો મજબુત ઈરાદો વ્યકત કર્યો છે બ્રહ્મસમાજના રાજય કક્ષાના પ્રમુખ તરીકે પિનાકીન રાવલની વરણી થતા નગરજનો , અગ્રણીઓ વકીલો સહીત સૌ કોઈએ આવકારી છે. ગાંધીનગરમાં યોજાયેલી આ બેઠક દરમિયાન સમાજના મહામંત્રી પદે અનિલ રાવલ ઉપપ્રમુખ પદે જનક રાવલ, રાજેન્દ્ર રાવલ મહીલા પાંખના પ્રમુખ તરીકે ધારિણીબેન શુક્લ તેમજ યુવા પાંખના પ્રમુખ તરીકે કશ્યપ જાનીની પણ વરણી થતા સમાજના સૌ સભ્યોએ તેમને અભિનંદન પાઠવ્યા છે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિકસ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com